



# બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ

સ્થાપક : સ્વ. શાંતિભાઈ ધોળકિયા
તંત્રી : વિરેન શાં. ધોળકિયા
લવાજમ : વાર્ષિક રૂા. ૧૦૦/-
વર્ષ : ઓગષ્ટ થી જુલાઈ

વર્ષ : ૪૯ અંક : ૬
જાન્યુઆરી – ૨૦૧૩

## હર બની પૂજાય છે...

અત્ર તત્ર સર્વત્ર ઈશ્વર વિના કંઈ નથી.
તેમ છતાં તેમના નામે જગતમાં ક્યાંય ઘર નથી.
મંદિરોની માલિકી ચોપડે છે ટ્રસ્ટની
મહેલ હો કે ઝૂંપડી પ્રભુ માત્ર ફોટા મહીં,
સાચવે છે તું સમય સર્વ નો છતાં અહીં,
તારા માટે સમયની નોંધણી ક્યાંય નથી.
ઉત્સવો ઉજવે સહુ, સ્થાપના તારી કરી,
આયોજકોનું ધ્યાન તો છે અનુદાનની નોંધ મહીં,
પ્રભુ તારા બનાવેલા બધા હવે તુજને બનાવે છે,
ભાવતાલ નક્કી થયા પછી મૂર્તિ તારી ઘડાય છે,
કોણ કહે છે "મનહર" એ મનનો હરનારે છે,
હરિને પણ હરી જનારા હર બની પૂજાય છે.

– મનહર જે. વૈષ્ણવ, રાજકોટ.


બરછી કાર્યાલયનું સરનામું નોંધી લેશોજી...
બરછી કાર્યાલય C/o. કાઉન આર્ટ પ્રિન્ટર્સ, કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ, કોટેચાનગર મેઈન રોડ, રાજકોટ-૧.
ફોન : ૦૨૮૧-૨૪૫૩૦૬૩ મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫ e mail : barchhi@rediffmail.com Web : www.barchhi.com

## --- શ્રી રણછોડરાય ભગવાનની પ્રાકટય કથા ---

રાજાધિરાજ શ્રી રણછોડજી ભગવાનનું સ્વયંભુ પ્રાગટય સંવત ૧૫૦૧ ના માગશર માસની છઠને દિવસે માંગરોળ(જીલ્લો જુનાગઢ) માં થયું હતું. તે સમયે ભકત કવિ શ્રી નરસિંહ મહેતાના સગા કાકા શ્રી પર્વતરાય મહેતાનું રહેણાક માંગરોળના નાગરબ્રાહ્મણ વાડામાં હતું. ત્યારે શ્રી મહેતાજીને હાથની હથેળીમાં તુલસીજીનું વાવેતર કરી દ્વારકા જઈ ભગવાનશ્રી દ્વારકાધીશને તુલસી અર્પણ કરવાની પ્રતિજ્ઞા હતી. કાળક્રમે શરીરની વૃધ્ધાવસ્થાને લીધે એ સમયમાં પગે ચાલીને દ્વારકા જવાનું હતું. શારિરીક નબળાઈ અને વૃધ્ધાવસ્થાને લીધે માંગરોળથી દ્વારકા જવા તરફ નીકળેલી એક લગ્નની જાનવાળાને વિનંતી કરતાં તેઓએ શ્રી મહેતાજીને સાથે લઈ જવાની સંમતિ આપતાં તેઓ પણ જાન સાથે વિદાય થયા. રસ્તામાં જાનનું રાત્રી મુકામ માધવપુરમાં થતાં શ્રી મહેતાજી પણ રોકાયા. અને રાત્રીના નિંદ્રાધીન થઈ ગયા. વહેલી સવારે સૌ જાનૈયાઓ તૈયાર થઈ મહેતાજીને સાથે લીધા વિના નીકળી ગયા તેથી શ્રી મહેતાજી ઉઠીને નિત્યકર્મ પતાવી ચાલતા ચાલતા દ્વારકાના રસ્તે પ્રયાણ કર્યું. રસ્તામાં સામેથી બે સાધુઓ મળ્યા.તેઓએ શ્રી મહેતાજીને વૃધ્ધાવસ્થાને લીધે આગળ ન જવા વિનંતી કરી તેથી મહેતાજી પણ સમજીને પાછા પગ રસ્તે માંગરોળ આવી ગયા. સાંજે જમી પરવારીને થાકયા પાકયા આરામથી નિંદ્રાધીન થઈ ગયા. રાત્રીના સ્વયં ભગવાને મહેતાજીને સ્વપ્નમાં આવીને હવે અસ્વસ્થ શરીર થયું હોઇ દ્વારકા ન આવવા જણાવ્યું. અને ભગવાન પોતે સામે ચાલીને સ્વયં માંગરોળ આવશે તેમ જણાવ્યું તેથી શ્રી મહેતાજી આનંદ પામી ભોળા ભાવે સ્વપ્નની વાત જ્ઞાતિજનોને જણાવતાં કોઈ તે વાત માનવા તૈયાર ન હતું. અને સ્વપ્નની વાત ભાગ્યેન સાચી હોવાનું જણાવ્યું.

માંગરોળમાં શ્રી મહેતાજીના ઘરની નજીકમાં જ જુના વખતની મોટા પગથિયાવાળી ગોમતી વાવ આવેલ છે. આ વાવ માંગરોળના નાગર બ્રાહ્મણ વાડામાં નાગરી જ્ઞાતિના ઈષ્ટદેવ શ્રી હાટેશ્વર મંદીરની નજીકમાં જ આવેલી છે. શ્રી મહેતાજીની દિનચર્યા આ વાવ માં સ્નાન કરી પવિત્ર થઈ નજીકમાં આવેલા પોતાના ઘરમાં ભગવાનની સેવા પૂજા સંધ્યા વિગેરે કરવાની હતી. તે પ્રમાણે સંવત ૧૫૦૧ ના માગશર માસની સુદ છઠના દિવસે સવારમાં શ્રી પર્વતરાય મહેતાજી સ્નાન વિધિ માટે ગોમતી વાવ સુધી આવતા ૭૫ પગથિયાવાળી વાવ ચોખ્ખા પાણીથી છલોછલ ભરાયેલી જોઈ. શ્રી મહેતાજી જેમ જેમ એક એક પગથિયું ઉતરતા ગયા તેમ તેમ પાણી નીચે ઉતરતું ગયું. અને ગોમતી વાવના ૭૨ માં પગથિયાનો પત્થર ફાડી એક ધાતુની બનેલી શ્રી રણછોડરાય ભગવાનની મૂર્તિ તેમાંથી નીકળી. આમ સ્વપ્નની વાત સાચી માનતા લોકો દ્વારા મૂર્તિની ધામધુમપૂર્વક પ્રતિષ્ઠા કરી મંદિર બનાવવામાં આવ્યું. આજે ૫૬૮ વર્ષે પણ રાજાધિરાજ શ્રી રણછોડરાય ભગવાનની તે મૂર્તિ વિધ્યમાન છે અને બિરાજમાન છે. અને પ્રસંગોપાત લોકોના દર્શનને પાત્ર પણ છે.

બીજીબાજુ શ્રી સોમનાથ વેરાવળ પાસેના કેન્દ્ર શાસિત પ્રદેશના ગામ દીવમાં વાસુદેવ નામે એક ભકત કારીગરે પોતાની આગવી કલાનો ઉપયોગ કરીને ભગવાનનું મહારજાધિરાજ શ્રી રણછોડરાયજી માટે કાળા પત્થરના આરસનું એક અદભૂત સિંહાસન તૈયાર કરી દ્વારકાધિશજીને અર્પણ કરવાની પ્રતિજ્ઞા કરેલી. તે કારીગરને પણ રાત્રે સ્વપ્ન આવ્યું જેમાં ભગવાને સિંહાસન દરિયા રસ્તે આવતા માંગરોળ બંદરે ઉતારી તે ભકત પર્વતરાય મહેતાને આપવાની પ્રેરણા અને સૂચના થઈ. નિશ્ચ્યત દિવસે વાસુદેવજી વહાણમાં આરસનું સિંહાસન લઈ દીવ થી દ્વારકા જવા નીકળ્યા. અને સ્વપ્નની વાતની અવગણનાકરી માંગરોળ બંદરે સિંહાસન ઉતાર્યા વગર આગળ જવાનો પ્રયત્ન કર્યો. તે વખતે સમુદ્રમાં આંધી ઉપડી

તોફાન શરૂ થયું અને 'હાજી કાસમ તારી વીજળી મધદરિયે વેરણ થઈ' તેવું વાતાવરણ થઈ ગયું. તે વખતે સ્વપ્નની વાત યાદ આવતાં તે કારીગરે માંગરોળ બંદરે રોકાઈ સિંહાસન ત્યાં રાખી માંગરોળ ગામમાં આવી સિંહાસન પર્વતરાય મહેતાને સોપવાના નિર્ધાર સાથે નાગર બ્રાહ્મણ વાડામાં આવેલા મહેતાજીનું મકાન ગોતી મહેતાજીને કલાત્મક સિંહાસન સોંપી દીધું. કાળા આરસનું તે જ સિંહાસન આજે પણ અને આટલા વર્ષે વિધ્યમાન છે. તે જ સિંહાસન ઉપર મહારજાધિરાજ શ્રી રણછોડરાયજી ની તે જ મૂર્તિનાં ભાવિકભકતો દર્શન કરી રહયા છે.

પરંપરા મુજબ આટલા વર્ષો પછી પણ માગશર સુદ છઠને દિવસે ભગવાનનો પાટોત્સવ ભાવપૂર્વક ઉજવાય છે ત્યારે રાજાધિરાજ શ્રી રણછોડરાય ભગવાનના સિંહાસન ઉપર બિરાજમાન મૂર્તિના દર્શન કરાવાય છે. ધામધૂમપૂર્વક પ્રતિવર્ષ આ ઐતિહાસિક ઉત્સવનું વાંચન કરાવાય છે. ભગવાનની મૂર્તિની સેવા પૂજા પ્રદર્શન અને દર્શન નો ઉત્સવ ઉજવાય છે. ભગવાનની આરતી ઉતારી તેનું વંદન લોકો કરે છે. ભકિતભાવપૂર્ણ વાતાવરણમાં માંગરોળના વૈષ્ણવ મંદિરના મુખિયાજીઓ દ્વારા સંગીતમય રીતે સંગીત ના સાધનોના માધ્યમથી હવેલી સંગીતના કીર્તનોની રસલ્હાણ કરાવે છે. ગોમતી વાવના મીઠા પાણીથી મૂર્તિની પૂજા અર્ચના વિ. ધાર્મિક પ્રસંગો ગામના તથા બહારગામના ભાવિક વૈષ્ણવ ભકતોજનો ભકિતભાવપૂર્વક ઉજવી કૃતકૃત્ય થાય છે.

આ દિવસ માગશર સુદ-૨ તા. ૧૮-૧૨-૧૨ના રોજ પ્રાકટયોત્સવની ઉજવણી કરવામાં આવી. ઢોલ શરણાઈના તાલે રાસે રમ્યા બાદ પૂજન, આરતી, પુષ્પાંજલિ બાદ પ્રસાદ વિતરણ કરવામાં આવેલ.

– મહેશકાન્ત મ. વોરા, માંગરોળ

<u>સમાચાર ચાલુ :</u> ◆ **ધારી :–** અત્રેના શ્રી જનાર્દનરાય જે. જોષીપુરા લિખિત પુસ્તક " ધારીનો ઈતિહાસ" નું વિમોચત વડોદરા ખાતે રાજવી ગાયકવાડ પરિવાર દ્વારા કરવામાં આવ્યું.

◆ **ભાવનગર :–** વડોદરા ખાતે ૨૫૦૦ થી વધુ રેલ્વે કંટ્રોલર્સની સંસ્થા ઓલ ઈન્ડિયા ટ્રેન કંટ્રોલર્સ એસો. ની ઝોનલ બોર્ડની મળેલ મીટીંગમાં અત્રેના સિનીયર કંટ્રોલર શ્રી જયેશ અંતાણીની સહાયક ખજાનચી તરીકે સર્વાનુમતે વરણી કરાતાં ભાવનગરને મહત્વની સફળતા પ્રાપ્ત થવા પામી.


◆ રેલ્વે અધિકારી શ્રી જયેશ કે. અંતાણી એ ૧૧૦ મી વખત અને સીએ અભ્યાસક્રમના વિદ્યાર્થી પુત્ર પ્રતિક અંતાણીએ સાતમી વખત રકતદાન કરી આ સેવાયજ્ઞમાં માનવતાવાદી રૂપી આહૂતિ આપી.

◆ **ભુજ :** હાટકેશ સિનીયર સીટીઝન્સ કલબ દ્વારા વર્ષ-૨૦૧૨ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ કરી... અંતાક્ષરી સ્પર્ધામાં ૫૮થી ૮૫ વર્ષના સદસ્યોએ ભાગ લીધેલ. ૨૦૦૧ના ધરતીકંપ દરમ્યાન અસર પામેલા બાળકોની સારસંભાળ લેતા બાલાશ્રમની ૧૦૦ જેટલા સભ્યોએ મુલાકાત લઈ ત્યાં યોગ અંગેના પ્રવચન, ગીત સંગીત રજૂ કર્યા. વર્ષાન્તે એક મિલન સમારંભ યોજાયો જેમાં કલબના સભ્ય શ્રી જગદીશભાઈ માંકડ દંપતી માનસરોવરની યાત્રાએ જઈ આવતાં તેનું વર્ણન રજૂ કરી સાથે ઉપયોગી માહિતી આપી. શ્રીમતી નયનાબેન માંકડે માંકડ તથા અન્ય અવટંકની વંશાવલી (આંબા)ની જરૂરીયાત ઉપર ભાર મૂકી વયસ્કો આવી સેવા ઘેર બેઠાં પણ આપી શકે તેમ જણાવતાં કહયું કે તેમના સાસુ શર્મિષ્ઠાબેન કેનેડામાં નિવાસ દરમ્યાન ત્યાં વસતા નાગરીકો,બાળકોને ગીતા, મહાભારત, રામાયણના પ્રસંગોની વાતો કરી સાથે સંસ્કાર જ્ઞાન આપી રહયાં છે. દરેક કાર્યક્રમનોનું સંચાલન મંત્રીશ્રી હરિભાઈ અંતાણી તથા શિશિર વોરાએ કર્યું હતું.

◆ **ઈન્દોર :–** શ્રી મલય જીકાર બીએએસએફ કંપનીમાં ઈન્દોરથી મુંબઈ બદલાયા.

<u>નરબંકા નાગરો...</u>

# આજીવન ભેખધારી પત્રકાર સ્વ. ફુલશંકર પટણી



કચ્છના આઠ દાયકાના જાહેર જીવન પર નજર નાખીએ છીએ ત્યારે સાદગી, સિધ્ધાંત નિષ્ઠા, વતનપ્રેમ તથા પત્રકારત્વ માટે ભેખ ધરનારા સદ્‌ગત ફુલશંકરભાઈનું જીવન અનેરી પ્રેરણા પુરી પાડે છે. ભુજમાં પાંચમી ઓગષ્ટ ૧૯૦૮ માં જન્મેલા ફુલશંકરભાઈનો ઉછેર માસી-માસાએ કરેલ. માત્ર દસ માસમાં જ માતાનું સુખ ગુમાવ્યું. અને કઠિન જીવનયાત્રા શરૂ થઈ. અંજાર તથા ભુજમાં પ્રાથમિક શિક્ષણ તેમજ મુંબઈની કે. ટી. હાઈસ્કૂલમાં માધ્યમિક શિક્ષણ મેળવ્યું. ગાંધીજીની અસહકારની લડતને કારણે શાળા છોડી રાષ્ટ્રીય શાળામાં જોડાયા અને ગુજરાતની વિદ્યાપીઠની વિનિતની પરીક્ષા કે જે મેટ્રિક સમકક્ષ ગણાય છે તે પસાર કરી. મુંબઈમાં વિદ્યાર્થીકાળમાં તે સમયે પ્રતિબંધિત કોંગ્રેસ બુલેટીન છુપી રીતે ઘેરઘેર વેચાણ કરતા. કયારેક પકડાય ત્યારે પીઠમાં ગેંડાની સોટીનો ફટકારનો માર પણ સહન કરતા. મુંબઈમાં વેપારી પેઢીમાં રહયા પણ તબિયત લથડતા કચ્છ આવ્યા તથા વાકું,કોટડા, રોહા અને કોટડી(મહાદેવપુરી)માં શાળાના શિક્ષક તરીકે સેવા આપી હતી.

શિક્ષણ સાથે પત્રકારત્વ ક્ષેત્રે બી.એન. માહેશ્વરીના તંત્રી પદ હેઠળના 'સ્વદેશ' છગનભાઈ મહેતાના 'કચ્છ વર્તમાન' 'વતન' અને 'નૂતન ગુજરાત'ના પ્રતિનિધિ તરીકે સેવાઓ આપતા હતા. ૧૯૩૦માં અંજારમાં કચ્છી પ્રજાકીય પરિષદનાં અધિવેશનના પ્રચારક તરીકે ગામેગામ ફર્યા. કચ્છ વર્તમાનનાં મદદનીશ તંત્રી તથા કચ્છ પ્રજામંડળ પત્રિકાના સંપાદક પદે પત્રકારત્વનો અનુભવ મેળવ્યો.

૧૯૩૪માં મુંબઈથી 'જય કચ્છ' શરૂ કર્યું. જય કચ્છમાં પ્રસિધ્ધ થતાં રાજ્યતંત્ર વિરુધ્ધનાં પોલીસ જુલ્મો, અમલદારોનો ત્રાસ અન્યાયી વહીવટ સામે હિંમતભેર કલમ ચલાવી. એથી તેમને ડરાવવા સિંધમાં નગરપારકર, કરાંચી વગેરે સ્થળે બદનક્ષીના કેસો થયા. જે લડવા રણની કપરી યાત્રા કરી એ વિશે લખવું હોય તો એક પ્રકરણ થાય એમ છે. ૧૯૩૪માં કચ્છી પ્રજાકીય પરિષદના અધિવેશનમાં રાજય પ્રત્યે વફાદારી દર્શાવતા ઠરાવનો તેમણે જોરદાર વિરોધ કર્યો. ૧૯૩૯માં જવાબદાર રાજતંત્રની લડતમાં તેમણે ભાગ લીધલો. તે સમયે કચ્છ રાજયે જય કચ્છના લખાણો તંગદીલી ફેલાવતા હોવાનો આક્ષેપ કરી કચ્છમાં તેના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવ્યો હતો. તેથી નવા નવા નામે પત્રો શરૂ કરી કચ્છમાં મોકલતા રહયા. તે દરેક પત્રો પણ બંધ કરાયા. અંતે 'જીએરા' પર પ્રતિબંધ લદાયો નહીં . ૧૯૫૨માં જય કચ્છ માંડવીથી પ્રસિધ્ધ થતું એ પછી ભુજથી પ્રસિધ્ધ થઈ રહયું છે. સ્વ. ફુલશંકરભાઈ ૧૯૫૭માં ભુજ નગરપાલીકામાં ઉપપ્રમુખ બન્યા હતા. મુંબઈમાં ૧૯૮૦માં તેમનું જાહેર સન્માન કર્યું હતું .૧૯૯૨ની ૮ મી ડિસેમ્બરે તેઓએ ચીર વિદાય લીધી.

– આલેખન : શ્રી ચંદ્રવદન પટ્ટણી, ભુજ

# ------ લગ્ન વિષયક જાહેરાત ------

આપના સંતાન માટે યોગ્ય પાત્ર માટે ૦૨૮૧-૨૪૫૩૦૬૩ ઉપર (રવિવાર સિવાય) ફોન કરવાથી જે તે ક્રમ નંબરના ફોન નંબર આપવામાં આવશે.કેટલાકના ફોન નંબર ન લાગવાની ફરીયાદ રહેતી હોવાથી અહીંથી આપવામાં આવતા ફોન નંબર બરાબર આપવામાં આવે છે કે નહીં તે માટે કાર્યાલયે ફોન કરી ચકાસી લેશો. આપની જાહેરાતમાં લેન્ડલાઇન તથા મો. નં. લખાવશો જેથી એક ખોટો છપાયેલ હોય તો બીજો નંબર આપી શકાય જેથી પરસ્પર સમય-ફોનના ખર્ચનો વ્યય ન થાય અને આપનો જાહેરાત આપવાનો હેતુ સિધ્ધ થાય. -તંત્રી.

(૧) એમ.ડી. ડીસીએચ, બાળરોગ નિષ્ણાત જ.૧૧/૮૪ યુવકને યોગ્ય કન્યા.સંપર્કઃ- મો. અંજાર

(૨) બીઈ(મીકે) એમબીએ જતા. ૮/૧૯૮૪ ઉંચાઈ ૫'૪" મલ્ટીનેશનલ કંપનીમાં વડોદરા ખાતે નોકરી કરતા આલંબશ્ય ગોત્રના યુવકને કન્યા. સંપર્કઃ- ૦૨૬૫-

(૩) બી. કોમ્પ્યુ. જ. ૧૧/૧૯૮૮ ઉંચાઈ ૫'૫" કન્યાને યોગ્ય યુવક. સંપર્ક : ૦૨૬૫-

(૪) બી.કોમ. પીજીડીસીએ જ. ૯/૧૯૮૨ ૫'૫" ઉંચાઈની નોકરી કરતી કન્યાને યોગ્ય યુવક સંપર્ક : ૦૨૮૧ -

(૫) બી.કોમ એલએલ.બી (એડવોકેટ) જ. ૬/૧૯૮૪ ૫'૩" ઉંચાઈના યુવકને કન્યા. સંપર્કઃ- ૦૨૮૧

(૬) સી.એ. જ. ૫/૧૯૮૬ ૫' ઉંચાઈની કન્યાને સમકક્ષ યુવક સંપર્ક :- ૦૨૮૧ -

(૭) બી.કોમ. એમબીએ (ફાયનાન્સ) જ. ૨/૧૯૮૬ ICICI બેંકમાં એરીયા મેનેજર તરીકે નોકરી કરતા માંગલિક યુવકને કન્યા.સંપર્કઃ- ૦૭૯ મો.

(૮) બી.ઇ., એમ.ટેક., જ. જાન્યુ. ૧૯૮૩, ઉંચાઈ ૬'.૨", મલ્ટીનેશનલ કંપનીમાં નોકરી કરતા યુવક માટે કન્યા. સંપર્ક : ૦૨૮૧-

(૯) બી.કોમ., પીજીડીસીએ., જ. ૯/૧૯૮૩, ઉંચાઈ ૫'.૭" મુથુર ફીનકોર્પ લી.માં કાયમી નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૨૭૯૨-

(૧૦) બી.કોમ., (આંબેડકર યુનિ.) જ. ૬/૧૯૮૫, ઉંચાઈ ૫'.૭", આસી. કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ટીએનરાવ બી.એડ. કોલેજમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧-

(૧૧) એમબીએ જ. ૧૧/૧૯૮૪ ૫'૫" ઉંચાઈના જામનગર ખાતે કેથોલીક સીરીયન બેંકમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્કઃ- ૦૨૮૧ -


(૧૨) એમ.કોમ (પીજીડીઆઈટી) જ. ૯/૧૯૭૬ પ્રાઈવેટ નોકરી કરતી કન્યાને યુવક સંપર્કઃ- ૦૨૮૫ -

(૧૩) નોન મેટ્રીક ૨૫ વર્ષના અમદાવાદ ખાતે ટ્રાવેલ્સનો સ્વતંત્ર ધંધો કરતા છુટાછેડા લીધેલ યુવકને કન્યા. સંપર્કઃ- ૦૭૯- મો.

(૧૪) ઇન્સ્ટ્રુ એન્ડ કંટ્રોલ, ગ્રેજયુએટ જ. ૧૯૮૩ ઉંચાઈ ૫'૫" રાજકોટ ખાતે પ્રા. લી. કંપનીમાં કાયમી નોકરી કરતા યુવકને કન્યા. સંપર્કઃ- ૦૨૮૧- મો.

(૧૫) બી. ઇ. (કોમ્પ્યુટર) જ. ૧૧/૧૯૮૯, ઉંચાઈ ૫'.૫"ઉંચાઈની કન્યાને યોગ્ય યુવક. સંપર્ક : ૦૨૮૧-

## આજીવન શિક્ષણ સાથે સંકળાયેલા ચંદ્રકાન્તભાઈ દેસાઈનો દેહવિલય



વાસાવડના તાલુકદાર રજવાડી જાહોજલાલી ધરાવતા સ્વ. જયંતીલાલ સમરથલાલ દેસાઈને ત્યાં ૧૯-૧૨ -૧૯૨૨ ના રોજ સ્વ. ચંદ્રકાન્તભાઈ દેસાઈનો જન્મ. બાળપણ સુખ સાહેબીમાં વિતાવી ગોંડલથી મેટ્રીક થયા. રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કોલેજમાંથી ૧૯૪૯માં ગ્રેજયુએટ થયા. ૧૯૪૨માં ગોંડલ નિવાસી સ્વ. વિજયલાલ ચંપકલાલ બુચનાં પુત્રી સૌ. ભવસુતાબેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા. સ્વ. ચંદ્રકાન્તભાઈએ પોલીસ અને ન્યાય ખાતામાં નોકરીનો પ્રારંભ કર્યો. પરંતુ માહયલો શિક્ષણનો..તેથી ૧૯૫૧માં ધ્રોલની સરકારી હાઈસ્કૂલમાં જોડાયા. અને વિદ્યાર્થીઓ સાથેના અતૂટ પ્રેમબંધનથી ૨૦ વર્ષ સુધી આ હરધ્રોલ હાઈસ્કુલ સાથે જોડાયેલા રહયા.

સરકારના આદેશને અનુલક્ષીને સપ્ટેમ્બર ૧૯૭૧માં શિક્ષક તરીકે હોદો છોડી બઢતી સાથે સહશિક્ષણ અધિકારી તરીકે જામનગર ગયા. દરમ્યાન ડીસ્ટ્રીક સર્વે ઓફીસર તરીકે કાર્ય કર્યુ. સતત પ્રગતિ કરી ૧૯૭૫માં જોડીયા ખાતેની સરકારી હાઈસ્કૂલમાં આચાર્ય થયા. ૧૯૭૭માં રાજપીપળા ખાતે જીબીટીસી કોલેજમાં પ્રોફેસર તરીકે પણ ફરજ બજાવી. ત્યારબાદ ૧૯૭૮માં સુરેન્દ્રનગર જીલ્લા શિક્ષણ અધિકારી તરીકે જોડાયા અને ત્યાંથી ૧-૧-૮૧ ના રોજ નિવૃત્ત થયા.

સ્વ. ચંદ્રકાન્તભાઈની શિક્ષણ અને વિદ્યાર્થી જગત સાથેની સુવાસની પ્રતિતિ તેઓના ૮૮માં જન્મદિને થઈ, જયારે તેઓના કાર્યકાળના હરધ્રોલ હાઈસ્કૂલના ભુતપૂર્વ વિદ્યાર્થીઓએ ચંદ્રકાન્તભાઈનું એક વિશેષ સમારોહ યોજી સન્માન કરી આશિર્વાદ મેળવી કૃતકૃત્યતા અનુભવી. એક સમયે સંગીત અને જૂની ફિલ્મોના શોખીન ચંદ્રકાન્તભાઈએ પોતાનું નિવૃત્તી બાદનું શેષ જીવન ગીતા,રામાયણ અને ઉપનિષદના ગહન અધ્યયનમાં વિતાવી ૨૯-૧૧-૨૦૧૨ ના રોજ પત્ની ચાર પુત્રો -ચારપુત્રીઓ સાથે હર્યોભર્યો પરિવાર છોડી દેહત્યાગ કર્યો. આવા કર્મષ્ઠ શિક્ષકજીવને શાંતિ જ હોય.. અસ્તુ.

## શ્રી સમસ્ત નાગર જ્ઞાતિ સર્વમંગલ ટ્રસ્ટ રાજકોટ

સર્વમંગલ ટ્રસ્ટ રાજકોટનો લોઅર કે.જી. થી બારમા ધોરણ સુધીના તેજસ્વી તારલાઓ તથા અભ્યાસ કરતા વિકલાંગ બાળકોને પ્રોત્સાહન અને પારિતોષીક આપવાનો કાર્યક્રમ નાગર બોર્ડીંગમાં તા. ૨૩મી ડીસેમ્બરના રોજ જાણીતા શિક્ષણમાર્ગદર્શક અને ખેલજગત સાથે સંકળાયેલ કટારલેખક શ્રી કશ્યપભાઈ ધોળકિયાની ઉપસ્થિતિમાં બાળકો-વાલીઓની વિશાળ હાજરીમાં યોજાઈ ગયો. પ્રાર્થનાગીતથી કાર્યક્રમની શરૂઆત થયા બાદ સર્વમંગલ ટ્રસ્ટના પ્રમુખશ્રી મકરન્દભાઈએ સૌનું સ્વાગત કરી ટ્રસ્ટનો હેતુ સમજાવ્યો અને અનુદાન આપવા વિનંતી કરી. અતિથિ વિશેષ પદેથી શ્રી કશ્યપભાઈએ યુવાપેઢીને નવા નવા અભ્યાસક્રમો પસંદ કરી વિશિષ્ટ ક્ષેત્રમાં ઝંપલાવી ઉજજવળ કારકીર્દી કઈરીતે બનાવી શકાય તે અંગેનું માર્ગદર્શક વકતવ્ય આપ્યું. અને વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપવા તત્પરતા દર્શાવી. સંસ્થાને રૂા ૨૦૦૦નું અનુદાન આપ્યું. શ્રી કશ્યપભાઈ અને નાગર પરીષદના પ્રમુખશ્રી જે.ટી.બક્ષીના વરદ હસ્તે પારિતોષીક વિતરણ કરવામાં આવ્યું.

કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટી શ્રી કામિનીબેન ઝાલા, હરિહરભાઈ મારૂ, કિરીટભાઈ હાથી, મધુકરભાઈ વૈષ્ણવ, નલિનભાઈ વૈદ્ય અને જલેન્દુ જોષીપુરાએ જહેમત ઉઠાવી હતી.

## શ્રી કચ્છ નાગર પરિવાર, રાજકોટ

(અમારા સહૃદયી મિત્ર અને સ્વજનસમા, બરછી તથા અન્ય જ્ઞાતિપત્રોના સંવાદદાતા જેવા, વિભાકરભાઈ અંજારીયા લિખીત ગત માસમાં મળેલ આ અહેવાલ બરછી માટેનો અંતિમ અહેવાલ બની રહેશે તે મન માનવા તૈયાર નથી, કલમ ઉપડતી નથી...છતાં ભારે હૈયે હકીકત સ્વીકાર સાથે અમારી – 'બરછી પરિવાર'ની ભાવપૂર્ણ અંજલિ સાથે પ્રકાશિત કરીએ છીએ. તેઓ વિશે વિસ્તૃત આવતા અંકે...– વિરેન ધોળકિયા)

સંસ્થા દ્વારા નાગર બોર્ડીંગ ખાતે અષાઢી બીજના રોજ સાંજે કચ્છી નૂતન વર્ષ નિમિત્તે સ્નેહમિલનનું આયોજન કરવામાં આવેલ. સંસ્થા પ્રમુખશ્રી મકરંદભાઈ વોરા અને સચિવશ્રી વિભાકર અંજારીયાએ શુભેચ્છા પાઠવી અન્ય જ્ઞાતિ સંસ્થાઓ દ્વારા શુભેચ્છા પાઠવ્યા બાદ અંતમાં છોલે પુરી જાંબુનો સ્વાદ લઈ સૌ છૂટા પડેલ.

તા. ૧૬/૧૦થી ૨૩/૧૦ નવરાત્રિ દરમ્યાન ગાયત્રી મંદિર ખાતે રાત્રે ૮ થી ૯ પરિવારજનોએ સાથે મળી શક્રાદય, ગરબા, આરતિ દ્વારા તેમજ સમૂહ સ્થાપન તથા પ્રફુલભાઈ માંકડના નિવાસસ્થાને સ્થાપનમાં પણ ગરબા દ્વારા માતાજીનું આરાધન કર્યું. સૌએ ઉત્સાહભેર ભાગ લઈ ધાર્મિક પર્વ ઉજવ્યું.


તા. ૨૮/૧૦ના રોજ શરદપૂર્ણિમા નિમિત્તે નાગર બોર્ડીંગ ખાતે પરિવારના દરેક વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ–મેળાવડાનો કાર્યક્રમ યોજાયેલ. કુ. જલ્પા અતુલભાઈ વૈદ્ય દ્વારા ગણેશસ્તુતિ બાદ શ્રીમતી નીધિબેન પોટાએ ગુજરાતી સુગમ ગીતોના સૂર રેલાવેલ. કુ. દિશા વૈદ્ય દ્વારા 'હાઉસી'નો આનંદ માણ્યો. પ્રમુખશ્રી મકરંદભાઈ વોરાએ સ્વાગત કર્યું , સચિવશ્રી વિભાકર અંજારીયાએ અહેવાલ–હિસાબો રજૂ કર્યા. શ્રી હિમાંશુ રાણા તથા બંકિમ વૈશ્નવે સંચાલનનો દોર સંભાળેલ. અંતમાં...શીખંડ પુરી કટલેશ.



## ચરિતાર્થ મહેતા ચીન ગયા

ભાવનગરના ગાંધીનગર સ્થિત શ્રી પ્રતીક રવિન્દ્રભાઈ તથા શ્રીમતી હીનાબેન મહેતાના પુત્ર ચરિતાર્થ તબીબી અભ્યાસ અર્થે સધર્ન મેડીકલ યુનિવર્સિટી ચીન જવા રવાના થયા. તેમનાં મોટાબેન ડો.ચેતસી પ્રતિક મહેતાએ પણ ચીનની યુનિવર્સિટી માંથી ડોકટરની પદવી મેળવેલ છે, અને હાલમાં અમદાવાદ ખાતે પ્રસિધ્ધ યુરોલોજિસ્ટ સાથે કાર્યરત છે.

## ફરીવાર ગોલ્ડ મેડલ મેળવતા રમતવીર શ્રી સતીષ વોરા



વડોદરા સ્થિત જાણીતા રમતવીર શ્રી સતીષ નિરંજનરાય વોરાએ તાજેતરમાં સુરતમાં સંપન્ન થયેલ ગુજરાત સ્ટેટ માસ્ટર્સ એથ્લેટિકસ ચેમ્પીયનશીપની રમતગમત હરિફાઈમાં ૭૫ ઉપરના વયજુથમાં ભાગ લઈ શોટપુટ, હેમર થ્રો અને ડિસ્કસ થ્રોમાં આખા ગુજરાત રાજ્યમાં પ્રથ્મ આવી ત્રણ ગોલ્ડ મેડલ મેળવેલ છે. શ્રી હાટકેશ વ્યાયમ, સંઘમાં તાલીમ પામેલ શ્રી સતિષ વોરા આ ત્રણ ગોલ્ડ મેડલ તેમના બાલ્યકાળ અને યુવાનવયના ત્રણ પથદર્શક મુ. સ્વ. શાંતિભાઈ ધોળકિયા, શ્રી હર્ષવન્તભાઈ હાથી અને શ્રી મનહરભાઈ હાથીની તાલીમ, ઉત્સાહ અને પ્રેરણાને આભારી હોવાનું જણાવે છે.

આ જૈફ વયે અખંડ ઉત્સાહ સાથે આવી રમતગમત સ્પર્ધાઓમા ભાગ લઈ આવી સિધ્ધિ મેળવવી એ માટે યુવાવર્ગ માટે પ્રેરક અને આપણા સૌ માટે ગૌરવ સમાન છે. અભિનંદન..

## શ્રી જુનાગઢ જીલ્લા નાગર ભાતૃ મંડળ - મુંબઈ

ઉપરોક્ત મંડળનું જ્ઞાતિજનોનું નવા વર્ષનું સ્નેહ સંમેલન રવિવાર તા. ૨-૧૨ ના રોજ સાંજના પાંચ વાગ્યે આયુશકિત હોલ, મલાડ(પશ્ચિમ) ખાતે યોજવામાં આવ્યું હતું. આ સ્નેહસંમેલનના મુખ્ય મહેમાન તરીકે જુનાગઢના વતની શ્રી શિશીરભાઈ શિરીષ જોષીપુરા - એમ.ડી અને કન્ટ્રી હેડ - એસ.કે.એફ. ઈન્ડિયા લી. ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમની શરૂઆત શ્રીમતી પ્રેમાલી વૈષ્ણવે ગણેશ સ્તુતિ રજુ કરી હતી. ત્યારબાદ મુખ્ય મહેમાન શ્રી શિશીરભાઈ પ્રમુખશ્રી અને ટ્રસ્ટીઓએ દીપ પ્રાગટયથી કાર્યક્રમનો પ્રારંભ થયેલ. પ્રમુખશ્રી આશિષ કિકાણીએ પધારેલ સભ્યો તથા મુખ્ય મહેમાનનું સ્વાગત કર્યા બાદ વેશભૂષા હરીફાઈ, વ્યકિતગત ગીતગાયન સ્પર્ધા, નૃત્ય સ્પર્ધા અને ગૃપ ડિશકન હરીફાઈ જેવા કાર્યક્રમો રજુ કર્યા હતા. જેમાં બાળકોથી અબાલવૃધ્ધોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે શ્રીમતી મેઘલબેન જોષીપુરા અને શ્રી પાર્થિવભાઈ મહેતાએ સેવા આપી હતી.

ત્યારબાદ મુખ્ય મહેમાનનું ફુલનો બુકે અને મોમેન્ટો આપી બહુમાન કરાયા બાદ વર્ષ દરમિયાન ૭૦ વર્ષ પૂરા કરેલા વડીલોનું મુખ્ય મહેમાન મારફત શાલ-શ્રીફળ-બુકે અર્પણ કરીને બહુમાન કરવામાં આવ્યું હતું. શૈક્ષણિક પારિતોષીક માટે આવેલ અરજીઓ પ્રમાણે મુખ્ય મહેમાનને હસ્તે પારિતોષીક આપવામાં આવેલ. શ્રીમતી પ્રણાલી વોરા તેમજ ઉપપ્રમુખ શ્રી જયોતિષભાઈ જોષીપુરાએ મુખ્ય મહેમાનનો પરિચય આપ્યા બાદ મુખ્ય મહેમાને શ્રી મંડળની વેબસાઈટનુ઼ ઉદ્ઘાટન કર્યુ હતુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી શિવાની કિકાણીએ સુંદર રીતે સંભાળ્યું હતું.

કાર્યક્રમના અંતમાં શ્રી મંડળના યુવાન મંત્રીશ્રી ભાવિન વસાવડાએ હાજર રહેલ સર્વ સભ્યોનો આભાર માન્યો હતો. ત્યારબાદ શ્રી મંડળ તરફથી સ્વરૂચી ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સ્નેહ સંમેલનનમાં ૧૫૦-૧૫૫ જ્ઞાતિજનોએ સહર્ષ ભાગ લીધો હતો. જે અત્યાર સુધી યોજેલ કાર્યક્રમમાં સૌથી વધારે હાજરી હતી.

## ઋચિત વછરાજાની યુ.એસ.ની એમબીએની પદવી મેળવી



જૂનાગઢના શ્રી હરિશ્ચંદ્ર જયકરલાલ વૈષ્ણવના જમાઈ અને અમદાવાદ સ્થિત શ્રી કશ્યપભાઈ ભાનુશંકર વછરાજાનીના પુત્ર ઋચિત વછરાજાની અમેરીકામાં એમબીએ ઈન હોસ્પિટાલીટી એન્ડ ટૂરીઝમ મેનેજમેન્ટ નો અભ્યાસ પૂર્ણ કરી અમેરીકન હોટેલ એન્ડ એડમિનીસ્ટ્રેશનની સર્ટીફાઈડ હોટેલ એડમીનીસ્ટ્રેશનની પદવી પ્રાપ્ત કરી છે. આ પદવી અમેરીકાની હોટેલ મેનેજમેન્ટની સર્વોચ્ચ પદવી ગણાય છે.

---

**સ્વ. મહાસુખરાય ચુનીલાલ મહેતા**
**સ્વ. કુમુદલક્ષ્મી મહાસુખરાય મહેતા**
**સુખદા પરિવાર**

કલમ કડછી બરછીના તંત્રી મંડળ તથા પ્રત્યક્ષ પરોક્ષ રીતે સંકળાયેલ સર્વને તેમજ વાંચકવર્ગને ૨૦૧૩ના વર્ષની શુભકામના...

નવું વર્ષ સર્વને મંગલમય બને તેવી શ્રી હાટકેશ મહાદેવને પ્રાર્થના.

## વલ્લભવિદ્યાનગરના ડો. વૈષ્ણવ પરિવારની પ્રશંસનીય સિદ્ધિઓ

વિદ્યાને સાર્થક કરનાર ટેકનીકલ-ઈજનેરી શાખામાં મૂલ્યવાન પ્રદાન સાથે કામગીરી બજાવનાર માર્ગદર્શક વલ્લભવિદ્યાનગર સ્થિત ડો. સૂર્યકાન્તભાઈ વૈશ્નવ અને તેઓના કુટુંબની કામગીરી પણ સૌ માટે તેટલીજ પ્રેરક છે...જેની નોંધ લેવી ઘટે...

– નવેમ્બરમાં પોંડીચેરીમાં યોજાયેલ મેડીસીનના આંતર રાષ્ટ્રીય અધિવેશનમાં ડો. ભાલેન્દુ અને ડો. સ્મૃતિએ સંશોધન લેખો રજુ કર્યા.

– એશોસીએશન ઓફ ફિઝીસીયન્સ ઓફ ગુજરાત ના જામનગર મુકામે યોજાયેલ વાર્ષિક અધિવેશનમાં ડો. ભાલેન્દુને મેડીસીન અને સમાજક્ષેત્રે વિશિષ્ટ પ્રદાનને અનુલક્ષીને રોટેટીંગ લેકચરરશીપનો એવોર્ડ એનાયત થયો.


– ડો. સૂર્યકાન્તભાઈને હૈદરાબાદ મુકામે ઈન્ડિયન સોસાયટી ફોર ટેકનીકલ એજયુકેશનના વાર્ષિક અધિવેશનમાં ટેકનીકલ શિક્ષણ અને તેના વિકાસ ક્ષેત્રે પ્રશંસનીય પ્રદાન બદલ માનદ્ ફેલોશીપ અને પ્રશસ્તિપત્ર એનાયત થયાં.

– પોંડીચેરમાં શ્રી અરવિંદ સોસાયટીના ઉપક્રમે યોજાયેલ રાષ્ટ્રીય શિબિરમાં ડો. ભાલેન્દુ ડો. વિભા શ્રીમતી તિલોત્તમાબેન અને ચિ. ઋતમે સક્રિય સામેલગીરી કરી વિવિધ સત્રોમાં પ્રાર્થના અને ભજન સંગીત રજૂ કર્યાં.

– ડો. સ્મૃતિને ગુજરાત મેડીકલ એશોસીએશનના જર્નલમાં ૨૦૧૧-૨૦૧૨ દરમિયાન પ્રસિધ્ધ થયેલા લેખોમાં સર્વોતમ લેખ બદલ બહુમાન સાથે બારડોલી મુકામે પ્રમાણપત્ર એનાયત થયું.

– ડો. વિભાએ ૨૦૧૨ના વર્ષ દરમિયાન પોંડીચેરીના શ્રી અરવિંદ આશ્રમમાં રહીને વિજ્ઞાન અને અધ્યાત્મ વિષય ઉપર પોસ્ટ ડોકટરલ રીસર્ચ થીસીસ તૈયાર કરી .

– ડો. વિભા વૈષ્ણવને આંતરરાષ્ટ્રીય સ્તરે સંશોધન લેખોમાં " હાઈલી સાઈટેડ" લેખને અનુલક્ષીને સરદાર પટેલ યુનિવર્સિટીમાં અગ્રીમ ક્રમનું બહુમાન પ્રાપ્ત થયું.



## ચિ. હૃદયા કાશ્યપે બોકસીંગમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો

મહારાષ્ટ્ર રાજય સરકાર તથા મહારાષ્ટ્ર કરાટે ડો. એસો. દ્વારા રાજય સ્તરીય હરીફાઈનું આયોજન કરવામાં આવેલ. જેમાં ફરી એકવાર મુંબઈ સ્થિત હૃદયા તેજસ કાશ્યપે અંડર-૧૨ ગૃપમાં બોકસીંગમાં રસાકસીભરી હરીફાઈમાં બ્રોન્ઝ મેડલ મેળવી ફરી એકવાર કુટુંબને ગૌરવ બક્ષ્યું.

## શ્રીમતી સોનલ નાણાવટી સખી કલબના પ્રમુખપદે વરાયાં



અત્રેનાં શ્રીમતી સોનલ મનોજ નાણાવટી જામનગર ખાતે ૧૨૦૦થી વધુ સભ્ય સંખ્યા ધરાવતી લેડીઝ કલબ 'સખી કલબ-૨'ના વર્ષ ૨૦૧૩ના પ્રમુખ તરીકે નિયુકત કરવામાં આવ્યાં. સેવાકીય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી રહેલ જ્ઞાતિની તથા અનેક સામાજિક સંસ્થાઓમાં સક્રીય રીતે સંકળાયેલાં સોનલબેને જામનગર જીલ્લા રાજપૂત જ્ઞાતિના બાય-બાય નવરાત્રિ મહોત્સવમાં  નિર્ણાયક તરીકે સેવા આપી. ઉપરાંત તાજેતરમાં જ બેબીલેન્ડ નર્સરી સ્કૂલના બાળકોની માતાઓ- મમ્મીઓ- દ્વારા પૌષ્ટીક મીઠાઈ અને ફરસાણ બનાવવાની હરિફાઈના નિર્ણાયક તરીકે પણ શ્રીમતી સોનલબેને સેવા આપી. અભિનંદન.

# --- સમાચાર સંચય ---

◆ **જામનગર :-** વડોદરા ખાતે IPCA લેબમાં એરીયા મેનેજર તરીકે ફરજ બજાવતા દેવાંગ બિપીનચંદ્ર દેસાઈ 'ટાર્ગેટ એચીવમેન્ટ' બદલ કંપની તરફથી દુબઈનો પ્રવાસ કરી આવ્યા.

◆ દર વર્ષ મુજબ શ્રી હાટકેશ્વર મહાદેવના મંદિરમાં ત્રીપુરાપૂનમના દિવસે પ્રમુખશ્રી સુરેશભાઈ નાણાવટીની રાહબરી નીચે સ્વયંસેવકો તરફથી ત્રિપુરાસૂર બનાવી સાંજે દહનનો કાર્યક્રમ યોજવામાં આવેલ.

◆ વડનગરા નાગર મંડળ દ્વારા યોજાયેલ 'લાડુ સ્પર્ધા'માં શ્રીમતી નૈમિષા એન. વત્સરાજે તૃતીય જ્યારે સુલેખન સ્પર્ધામાં ચિ. શ્રેયા એન. વત્સરાજે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું.

◆ વ.ના.જ્ઞાતિ તરફથી દિવાળી પર્વ દરમ્યાન યોજાયેલ રંગોળી સ્પર્ધામાં શ્રીમતી હેતલ ચિરાગ બુચે પ્રથમ ઈનામ મેળવ્યું.

◆ માગસર સુદ સાતમ શ્રી નરસિંહ મહેતા હારમાળા પ્રસંગને અનુલક્ષીને હાટકેશ હોલમાં જ્ઞાતિ પ્રમુખશ્રી સુરેશ નાણાવટી દ્વારા શ્રી કપિલભાઈ પંડયાની " ભજન સંધ્યા " નું આયોજન થઈ ગયું જેમાં તેઓએ " એવારે અમે એવા" થી 'વૈશ્નવજન' સુધીના પદો-ભજનો રજુ કરી સૌને ભકિત રસમય બનાવી દીધેલ. પાર્થ પંડયા તથા નિકીતા માંકડના કંઠનો લાભ મળ્યો. પાર્થ પંડયાએ નરસિંહ મહેતાની માહિતી સાથે સંચાલનની ધરા સંભાળેલ. શ્રી જનકભાઈ માંકડ તથા શ્રી હરિહરભાઈ બક્ષીએ નરસૈયાની દિશાસૂચક વાતો રજૂ કરી. અલ્પાહારને અંતે ૧૨૫ જેટલા શ્રોતાઓ વિખરાયેલ.

◆ શ્રી નાગર મહિલા મંડળની વર્ષની અંતિમ મીટીંગ મિનાક્ષીબેન પંડયા, કિશોરીબેન બુચ, મિનાક્ષી બુચ, ફાલ્ગુની આચાર્ય તથા દર્શાંગી પંડયા દ્વારા આયોજીત હતી. જેમાં વિવિધ સ્પર્ધાઓ સાથે નાસ્તાની મિજબાની ગોઠવવામાં આવી હતી.

◆ રોજના રૂા. ૧ના દાનથી ચાલતી જ્ઞાતિ સંસ્થા ગણેશ ગ્રુપ દ્વારા અત્રેની આણદાબાવા સેવા સંસ્થામાં ૪૨ વૃધ્ધ મહિલા અને ૨૫ મૂક બધિર બાળાઓને દવા તથા જીવન જરૂરી ચીજવસ્તુઓનું વિતરણ કરી બહેનોએ સ્વહસ્તે બનાવેલ નાગરી પૂરણપોળીનું ભોજન કરાવવાનું સ્તુત્ય કાર્ય કર્યું.

◆ **અમદાવાદ :** નેહાંશ દેવાંગ માંકડ (ઉ. ૮) અલોહા ઈન્ટરનેશનલ સંસ્થા દ્વારા ચેન્નાઈ ખાતે આયોજીત ૯ મી રાષ્ટ્રીય હરિફાઈમાં પ્રથમ વિજેતા બની મેકસીકન ફ્રેન્ચાઈઝના યુગલ દ્વારા ટ્રોફી મેળવી.

◆ **વડોદરા :-** શ્રી તુષાર જનાર્દન દેસાઈ ને વડોદરા એકલબારા ખાતે આવેલ ટ્રાન્સપેક ઈન્ડસ્ટ્રીઝમાં મેનેજર એચ.આર. તરીકે બઢતી મળી.

◆ હાસ્ય કલાકારો ડો. રાજેન્દ્ર કે. હાથી-ડો શ્રીમતી લેખા હાથી તથા અન્ય હાસ્ય કલાકારોએ અત્રેની સેન્ટ્રલ જેલમાં બંદીવાન કેદીઓને ૨ કલાક ટૂચકા રમૂજી પ્રસંગો દ્વારા નિઃશુલ્ક મનોરંજન પૂરૂં પાડયું.

◆ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સવારે ૭ કલાકે પ્રસારિત થતા 'પ્રકૃતિ' કાર્યક્રમમાં ડો. રાજેન્દ્ર કે. હાથીના માહિતીપ્રદ વાર્તાલાપ પ્રસારિત થયા. જેમાં તેઓએ લીમડો, પીપળો, વડ, જામફળ વિશે ઉપયોગી માહિતી આપી. કેન્દ્ર સરકારના પરિપત્ર મુજબ તા. ૧/૧/૧૩થી કુલ ૧૮ મિનીટના વાર્તાલાપ માટે રૂા. ૪૦૦૦/-નું વેતન અમલી બનતાં 'હાથી' આ વેતન મેળવવાના પ્રથમ હકદાર થયા.

◆ ચિ. મિત શાર્દુલ હાથી (ડો. રાજેન્દ્ર કે. હાથીના પૌત્ર)એ તાજેતરમાં યોજાયેલ ઓપન બરોડા સ્પીડ સ્કેટીંગ કોમ્પીટીશનમાં બે સીલ્વર મેડલ હાંસલ કર્યા. ૨૦૧૦થી ગોલ્ડ,સીલ્વર,બ્રોન્ઝ એવા આઠ મેડલોથી વિભૂષિત મિતે વધુ ૨ મેડલ સાથે ૭ વર્ષની વયે કુલ ૧૦ મેડલ કબ્જે કર્યા..અભિનંદન.

◆ **કાંદીવલી :-** મુ. જશુમતીબેન હર્ષદરાય બુચ સમેત તેમના પુત્રો -પુત્રવધૂઓ દીકરીઓ જમાઈઓ, સાસુઓ સહીતના પરીવારજનો હરદ્વાર ઋષિકેશની યાત્રાએ જઈ આવ્યા.

◆ **જુનાગઢ :-** હિતાર્થી ગૌરાંગ ઓઝાએ દીપોત્સવી કાર્યક્રમ અંતગર્ત યોજાયેલ સુગમ સંગીત સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું.

◆ અત્રેના શ્રી હેમેન્દ્ર પી. દેસાઈ નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે નિવૃત થયા અને નોબલ એન્જીનીયરીંગ કોલેજમાં આસી. લેકચરર તરીકે જોડાયા.

◆ જાણીતા તબીબ સાથે જાણીતા કવિ લેખક ડો. ઉર્વિશ જે. વસાવડાને ગુજરાત સાહિત્ય પરિષદ તરફથી તેઓના પુસ્તક " ગિરનાર સાદ પાડે છે" બદલ ઉશનસ્ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.

◆ **રાજકોટ :-** ભૂતપુર્વ રણજી ટ્રોફી ખેલાડી શ્રી શિરીષ બુચે ભારત તથા ઈંગ્લેન્ડ વચ્ચે રાજકોટના નવા સ્ટેડિયમ ખાતે વન ડે મેચ દરમિયાન આઈ.સી.સી. મેચ રેફરી એન્ડીપાયક્રોફ્ટ ના લાયઝન ઓફીસર તરીકે સેવા આપી. બન્ને ટીમોના કેપ્ટન, મેનેજર તથા અમ્પાયરની મેચ પૂર્વેની મીટીંગમાં તેઓને વિશેષ આમંત્રિત તરીકે ઉપસ્થિત રહેવાની તક સાંપડેલ. આ અગાઉ પણ શ્રી બુચ અનેક વનડે મેચોમા રેફરી લાયઝન તરીકે ફરજ બજાવી ચુકેલ છે.

◆ તાજેતરમાં સુરત ખાતે પ્રણવ પારીજાત ટ્રસ્ટ આયોજીત પંડિત ઓમકારનાથ અખિલ ભારતીય શાસ્ત્રીય સંગીત પ્રતિયોગીતામાં અત્રેના કુ. ધ્વનિ વિભાકર વછરાજાનીએ રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામી સમગ્ર દેશમાંથી પસંદગી પામેલ આઠ સ્પર્ધકો વચ્ચેની સ્પર્ધામાં તૃતીય સ્થાન મેળવી ગુજરાતનું ગૌરવ વધાર્યુ.

◆ તા. ૧૯-૧૨-૧૨ ના રોજ હારમાળાના ઉપલક્ષ્યમાં અત્રેની વિરાણી હાઈસ્કુલ પાસેના ઉદ્યાનમાં મુકવામાં આવેલ નરસિંહ મહેતાની પ્રતિમાને ફુલહાર કરવાનો કાર્યક્રમ વિપુલ પોટા અને કેયુર અંજારીયાની જહેમતથી 'હાટકેશજન'ના બેનર તળે રાજકોટ મ્યુનિ. કોર્પોની શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી દેવાંગ માંકડની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો.

◆ ગોંડલના હાટકેશ્વરના પૂજારી રહી ચૂકેલા, ગોંડલની નાગર જ્ઞાતિ સાથે ત્રણ પેઢીથી સંકળાયેલા અને પોતાની ઉન્નતિનો યશ જ્ઞાતિના પૂર્વજ વડીલોને આપતા વિદ્વાન શાસ્ત્રી ડો. અનંતપ્રસાદ જયંતિલાલ ભટ્ટને ૯ ઓગષ્ટ ના રોજ રાષ્ટ્રપતિ તરફથી 'ભારત ગૌરવ' એવોર્ડથી સન્માનિત કરવામાં આવતાં તેઓ તરફથી તાજેતરમાં યોજવામાં આવેલ સ્નેહમિલનમાં ગોંડલના 'હાટકેશ વૃંદ'ને નિમંત્રીત કરવામાં આવેલ. જ્ઞાતિ વડીલ શ્રી અરવિંદભાઈ અવાશીયાએ પૂ. શાસ્ત્રીજીનું ફૂહહારથી અભિવાદન કર્યા બાદ ભકિત સંગીતના સૂર રેલાવ્યા હતા. શાસ્ત્રીજીએ વૃંદના શ્રી પિયુષભાઈ વસાવડા, શ્રીમતી કલ્પનાબેન દેસાઈ, કમલેશ દેસાઈ તથા અન્ય ઉપસ્થિત જ્ઞાતિજનોનું કેસરી ઉપરણું ઓઢાડી પોતાની હૃદયની લાગણી પ્રદર્શિત કરી આશિર્વચન પાઠવેલ.

◆ શ્રીમતી નીતા વિરલ વસાવડાએ વિદ્યાનિકેતન સ્કૂલમાં યોજાયેલ હિન્દી કાવ્ય પઠન સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સેવા આપી.

**કલમ કડછી બરછીનો ફેબ્રુઆરી-૧૩નો અંક પ્રસિધ્ધ થશે નહીં...**
**અમારા અંગત કારણોસર ફેબ્રુઆરી માસનો અંક પ્રસિધ્ધ થશે નહીં તેની સૌએ નોંધ લેવા વિનંતી. છતાં સમાચારો સમયસર મોકલતા રહેશો. છેલ્લે સુધીના સમાચારો સમાવી લેવા પ્રયત્ન કરેલ છતાં રહી ગયા હોય દરગુજર જે માર્ચના અંકમાં અગ્રતા આપવામાં આવશે.-તંત્રી**

## બાલ પ્રતિભા મહોત્સવ-૨૦૧૨માં જ્ઞાતિના બાળકો છવાયાં...

જૂનાગઢ જીલ્લા બાલ પ્રતિભા મહોત્સવ ૨૦૧૨માં નીચે મુજબના બાળકોએ ભાગ લઈ પારિતોષીકો મેળવી કુટુંબ એને જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું.

(અ-વિભાગ)કુ. ક્ષિતી દિવ્યાંશુભાઈ વૈષ્ણવ (વકતૃત્વ) પ્રથમ, દેવ રાજુભાઈ નાણાવટી(નિબંધ)પ્રથમ,

(બ-વિભાગ) ભવન તપનભાઈ જીકાર (વકતૃત્વ) પ્રથમ, તેજ ઉદયભાઈ વૈદ્ય (વકતૃત્વ) તૃતીય, કુ. કક્ષા કુમારભાઈ ધોળકિયા(ભજન) દ્વિતીય, (અ-ઓપન વિભાગ) કુ. ક્ષિતી દિવ્યાંશુભાઈ વૈષ્ણવ, કુ. કક્ષા કુમારભાઈ ધોળકિયા, કુ. નુપૂર રાજુભાઈ નાણાવટી, કુ. રીતી નરેશભાઈ ઝાલા ,કુ. ખુશી જાગૃતભાઈ છાયા, કુ. મર્મજ્ઞા કૃતાર્થ ખારોડ, કુ. વિપા રૂદ્રેશભાઈ ઝાલા, કુ. શીખા સ્નેહલ વૈદ્ય (લોકનૃત્ય) પ્રથમ. ઓપન વિભાગ -સમૂહગીતમાં કુ. રીતી નરેશભાઈ ઝાલા, કુ. નુપૂર રાજુભાઈ નાણાવટી, કુ. ખુશી જાગૃતભાઈ છાયા, કુ. વિપા રૂદ્રેશભાઈ ઝાલા, કુ. શીખા સ્નેહલ વૈદ્ય (પ્રથમ) તાજેતરમાં કુ. મહેક આશિષભાઈ માંકડ લોકવાર્તા તથા એકપાત્રીય અભિનયમાં પ્રાદેશિક કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી વલસાડ ખાતે યોજાયેલ રાજ્ય બાલ પ્રતિભા મહોત્સવ -૨૦૧૨માં પસંદગી પામતાં પશ્ચિમ વિભાગનું પ્રતિનિધિત્વ કરી બંને સ્પર્ધામાં પ્રથમ વિજેતા પદ મેળવ્યું.

રાજકોટ ખાતે યોજાયેલ પ્રાદેશિક બાલ પ્રતિભા મહોત્સવ-૨૦૧૨માં જુનાગઢ જીલ્લાની ટીમના મેનેજર તરીકે શ્રીમતી મોક્ષાબેન મહેતા પસંદગી પામેલ.

## ....સગપણ સ્નેહભર્યું ::::

❋ અમદાવાદ સ્થિત નિતીનભાઈ કાંતિલાલ હાથીના પુત્ર મૃગાંકનું સગપણ વડોદરા સ્થિત રાજેશભાઈ નાણાવટીનાં પુત્રી ઉષ્મા સાથે.

## :::: સાત ફેરાનો સથવારો...

❋ વડોદરા સ્થિત જીતેન્દ્રભાઈ રસિકભાઈ ઓઝાનાં પુત્રી કાનનનાં લગ્ન અમદાવાદ સ્થિત રાજેશભાઈ વછરાજાનીના પુત્ર અર્પિત સાથે.

❋ જામનગર સ્થિત અરૂણભાઈ જનાર્દનભાઈ દેસાઈનાં પુત્રી જલ્પાના શુભ લગ્ન વડોદરા સ્થિત શિરીષભાઈ જીતેન્દ્રકાન્ત માંકડના પુત્ર રોનક સાથે.


❋ ભરૂચ સ્થિત અમરીષ રસિકભાઈ ઓઝાના પુત્રી મેઘાના લગ્ન વડોદરા સ્થિત શૈશવભાઈ દેસાઈના પુત્ર સંકેત સાથે. (માધ્યમ કચ્છી)

❋ વડોદરાના પ્રતિતી જયંતકુમાર દિવાનના લગ્ન સુરત સ્થિત ચિન્મય જયોતિષભાઈ અંતાણી સાથે.

❋ દક્ષાબેન તથા ભૂપેન્દ્ર(ભૂમિત) ભાસ્કરરાય વૈષ્ણવના પુત્ર જયદીપના લગ્ન સૌ. જાગૃતિબેન યશસ્વીભાઈ મહેતાનાં પુત્રી ઋતુજા સાથે.

❋ રાજકોટના પૂર્ણેન્દુભાઈ ધોળકિયાના પુત્ર નીરજના લગ્ન ભાવનગરના મહાદેવ નિર્મળકેતુભાઈ મહેતાનાં પુત્રી દ્રષ્ટિ સાથે.

## જ્ઞાતિ ગૌરવ



ભાવનગર નિવાસી શ્રી પરાગભાઈ ભટ્ટ તથા શ્રીમતી ફાલ્ગુની ભટ્ટની સુપુત્રી કુ. ચિ. મુદ્રાએ માત્ર ૧૨ વર્ષની નાની ઉંમરે આરંગેત્રમ્ (ભારત નાટયમ્) રજૂ કરીને અનેરી સિદ્ધિ મેળવેલ છે. શાસ્ત્રીય નૃત્ય ઉપરાંત અભ્યાસમાં પણ ખુબ તેજસ્વી ચિ. મુદ્રા પોતાની શાળા સેંટ મેરીઝમાંથી મેરીટ સ્કોલરશીપ પણ મેળવે છે, આ ઉપરાંત ચિત્રકલા, સંગીત, બાસ્કેટબોલ તેના શોખની વિષય-પ્રવૃત્તિ છે. પૂ. હાટકેશ અને મા અંબાની કૃપા તેમના પર સતત વરસતી રહે તેવી શુભેચ્છા.

**સ્વ. શ્રી જયપ્રકાશભાઈ ભટ્ટ(દાદા)**
**વીણાબેન ભટ્ટ (દાદી)**
**શ્રી અરૂણભાઈ ભટ્ટ(નાના)**
**શ્રીમતી ગીતાબેન ભટ્ટ (નાની)**

## શર્મન મુનશીએ કરાટેમાં મેડલ મેળવ્યા



સરકાર માન્ય "હરિઓમ માર્શલ આર્ટસ એજયુકેશન ટ્રસ્ટ" મુંબઈ (જાપાન શોતોકાન કરાટે એસોશીએશન" સાથે સંલગ્ન) સંસ્થા દ્વારા તારીખ ૨૨ થી ૨૫ ડીસેમ્બર થાણા મુંબઈ ખાતે યોજાયેલ વર્ષ ૨૦૧૨-૧૩ ની ત્રીજી નેશનલ કરાટે ચેમ્પીયનશીપની કરાટે તથા કોબુડો હરીફાઈમાં વડોદરાના તરૂણ શર્મન અંકિતભાઈ મુનશી, ઉંમર વર્ષ ૧૪ (ધોરણ ૮)એ કરાટે, કાટા, સાઈકાટા, તોનફાકાટા, બોકેઈન કાટામાં ૪ ગોલ્ડ મેડલ મેળવ્યા છે. ઉપરાંત નોનચા કુ, કાટામાં સિલ્વર મેડલ તથા કરાટે) કુમીતેમાં બ્રોન્ઝ મેડલ સાથે કુલ ૬ મેડલ મેળવી વડોદરા શહેરનું નામ રોશન કરેલ છે.શર્મને આંતરરાષ્ટ્રીય હાનસી ઓલ્વીન ટાનુન લી. પાસેથી પણ તાલીમ મેળવેલ છે.

**<u>બરછીની હાર્દિક અપીલ</u> : સ્વમાનભેર જીવનાર,મૂળ રાજકોટના વડોદરા સ્થિત જ્ઞાતિ સપૂત-યુવાન કેન્સરની બિમારીમાં સપડાયા છે. સંતાનોના શિક્ષણ સાથે સારવાર દવાનો ખર્ચ આર્થિક પહોંચ બહારનો થતો હોઇ આર્થિક સહાયની જરૂર છે...સંવેદના સાથે આપણે સૌ તેમને ટેકો આપીએ. સંસ્થાઓને પણ આવા કિસ્સાઓમાં વ્યવહારૂ ઉકેલ સાથે રકમ ફાળવી સહાય કરવા અપીલ છે. પોતાની કે એકત્રીત રકમ/ચેક સંજય સ્વાદિયાના Axis Bank ખા.નં. 489010100031657માં જમા કરાવશો.-તંત્રી**

## કુ. નિરજા મજમુદારે બેસ્ટ ઈન્ટર્ન એવોર્ડ મેળવ્યો

અમદાવાદ સ્થિત શ્રીમતી શોભનાબેન ભૂષણભાઈ મજમુદારનાં પુત્રી કુ. નિરજા ન્યુયોર્ક સ્ટેટની સ્ટોની બ્રુકે યુનિવર્સિટીમાં એમ. એસ.(કોમ્પ્યુ. સાયન્સ) ના અભ્યાસ દરમિયાન સીએ ટેકનો. કંપનીમાં રીસર્ચ આસિસ્ટન્ટ તરીકે ૧૫ માસ ઈન્ટર્નશીપ સાથે અભ્યાસ પૂર્ણ કર્યો. કંપની તરફથી કુ. નિરજાને "બેસ્ટ ઈન્ટર્ન" તરીકેનો એવોર્ડ તથા ઈનામરૂપે આઈપેડ-૩ એનાયત કરવામાં આવ્યાં. અભિનંદન.

## રાજ કેયુર બક્ષીએ સ્કાઉટમાં એવોર્ડ મેળવ્યો



જામનગરમાં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં અભ્યાસ કરતા રાજ કેયુર બક્ષીને ગાંધીનગર ખાતે યોજાયેલ સમારંભમાં રાજભવન ખાતે રાજ્યપાલના હસ્તે બેસ્ટ સ્કાઉટના એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. નોંધપાત્ર બાબત છે કે જાણીતા તબીબ પિતા ડો. કેયુર બક્ષી તથા તેમના પુત્ર ડો. હર્ષ બક્ષીએ પણ તેમના બાલ્યકાળમાં આ એવોર્ડ મેળવેલ છે. આમ 'મોરનાં ઈંડા ચીતરવા ન પડે' તે ઊકિતને ચિ. રાજે યથાર્થ ઠેરવી છે. અભિનંદન.

# -:- મંગલ મેરેજ બ્યુરો -:-

**સંચાલક : મમતા ઢેબર - ફોન : ૦૨૮૧ - ૨૫૭૦૬૮૧ સમય : સવારે ૧૧ થી ૧**
**સાંજે ૫ થી ૭ રવિવારે રજા - ઈમેઈલ :** mamtadhebar@yahoo.in.

**Are you still not a Member ? Be our Member and get best selection**

**ઉંમર વર્ષ ૩૫ થી ૩૦ની રેન્જ ધરાવતી યુવતીઓની વિગત :**

(૧) માર્ચ - ૭૫ એમ.એ., જીપીએસસી પાસ લેકચરર - ઉંચાઈ ૫'.૨" (સૌરાષ્ટ્ર)
(૨) બી.એસ.સી, એમ.સી.એ., લેકચરર - ઉંચાઈ ૫'.૬" (ગુજરાત)
(૩) સપ્ટેમ્બર - ૭૮ એમ.એસ.સી., બી.એડ., સકેન્ડરી ટીચર ઉંચાઈ ૫'.૧" (ગુજરાત)
(૪) નવેમ્બર - ૭૯ બી.એસ.સી., માઇક્રો., ડીપ્લોમા ઈન ફાર્મસી ઉંચાઈ ૫'.૩" (સૌરાષ્ટ્ર)
(૫) માર્ચ - ૭૯ બી.એ., એલ.એલબી.,ઈંગ્લીશ ટ્રેઇનર ઉંચાઈ ૫'.૧" (ગુજરાત)
(૬) નવેમ્બર - ૮૦ બી.ડી.એસ.,એમડી.એસ.(ચાલુ) સર્વિસ સાથે પ્રેકટીસ ઉંચાઈ ૫'.૬" (ગુજરાત)
(૭) માર્ચ - ૮૦ એમ.એ., બી.એડ., સેકન્ડરી ટીચર ઉંચાઈ ૫'.૩" (ગુજરાત)
(૮) ડીસેમ્બર - ૮૦ બી. એ. (ઈંગ્લીશ) નોકરી કરતી કન્યા. ઉંચાઈ ૫'.૩" (ગુજરાત)
(૯) જૂલાઈ - ૮૦ ગ્રેજયુએટ-ટ્રાવેલીંગ ટૂરીઝમનો કોર્ષ નોકરી કરતી કન્યા. ઉંચાઈ ૫'.૨" (મહારાષ્ટ્ર)
(૧૦) ડીસેમ્બર - ૮૦ બી.એસ.સી., ડી.સી.એ. - ટીચર ઉંચાઈ ૫'.૨" (ગુજરાત)

**સ્વસ્થ અને નિરોગી જીવન માટે ...**

રાજય સરકારના વનવિકાસ નિગમ લી. ના શુધ્ધ તથા ભરોસાપાત્ર ધન્વન્તરી મધ તથા તેના ઔષધો વિશેષ વળતર સાથે મેળવવા સંપર્ક કરો :

ડો. રાજેન્દ્ર હાથી
ડો. લેખા હાથી
ફલેટ નં. ૭ પ્રિયદર્શીનીનગર,
મકરપુરા રોડ, વડોદરા-૧૦
ફોન : ૦૨૬૫ - ૨૬૪૪૬૩૨
મો. ૯૪૦૯૦ ૨૭૬૧૦
મો. ૯૮૨૪૪ ૮૯૫૧૭

નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર **સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ** ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં, સિદ્ધપુર. ફોન : ૨૭૬૭-૨૨૧૯૩૫

KALAM KADCHHI BARCHHI-GRJ-23
Registration Valid upto 31-12-2011
If not delivered Pl. return to :
Barchhi Karyalaya,Kotechanagar Main Rd,
Rajkot - 360 001..

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોન: ૨૪૫૩૦૬૩

## જ્ઞાતિના નભો મંડળ માંથી તેજસ્વી સિતારા ખરી રહયા છે...

મૂળ પેટલાદના શ્રીમતી વિનયવતીબેન મહેશચંદ્ર દવેનું તા. ૨૩ સપ્ટેમ્બરના રોજ વડોદરા ખાતે અવસાન થયું. તેઓ વડોદરા રાજયના લીગલ એડવાઈઝર તેમજ જગદ્‌ગુરૂ શંકરાચાર્ય(દ્વારકા) ના પાવર ઓફ એટર્ની હોલ્ડર શ્રી મંજુલાલ સેવકલાલ દવેના પુત્રવધૂ હતાં. તેઓએ વીસનગરના તેમના નિવાસ દરમિયાન શ્રી અવિનાશ વ્યાસ, શ્રી જયશંકર 'સુંદરી' તથા શ્રી દેવશંકર મહેતા સાથે સંગીત ગરબાના કાર્યક્રમોમાં તેમજ વડોદરાના ચીમનભાઈ સ્ત્રી સમાજ ખાતે પણ ગીત ગરબામાં ભાગ લઈ ઘણા ઈનામ મેળવ્યાં હતાં.

તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૧૨ ના રોજ અમદાવાદ ખાતે મૂર્ધન્ય કવિ, સાહિત્યકાર અને ભાષાનિયામક શ્રી હસિતકાન્ત બુચનાં જીવનસંગિની શ્રીમતી જયોત્સનાબેન હસિતકાન્ત બુચનું દુઃખદ અવસાન થયું. જયોત્સનાબેન વીસનગર,અમદાવાદ, રાજકોટ તેમજ ગાંધીનગર ખાતે સમાજસેવામાં મૂલ્યવાન પ્રદાન આપેલ. ગીત-સંગીત, રાસ-ગરબા, કાવ્યલેખન ઉપરાંત વાનગી કળામાં નિપૂણ જ્યોત્સનાબેને વાનગીના બે પુસ્તકો સહિત કુલ ત્રણ પુસ્તકો પણ લખ્યાં હતાં. જૂની પેઢીના કલા-સાહિત્યનો વારસો સાચવનાર વડીલોની વિદાય દુઃખદ છે. શ્રધ્ધાસુમન...

**<u>અનંતના યાત્રીઓ</u> :-** વિભાકર શશીકાન્ત અંજારીયાનું ૫૮ વર્ષની વયે રાજકોટ ખાતે. - સૂર્યકાન્ત રામપ્રસાદ ઓઝાનું ભાવનગર ખાતે અવસાન. જુનાગઢના શરદચંદ્ર મંછાશંકર અંતાણીનું અવસાન- શ્રીમતી દુલારીબેન સતીષચંદ્ર દેસાઈ ૮૩ વર્ષ વડોદરા - કૌશિકલાલ ઉમેદલાલ જોષીપુરાનું અમદાવાદ ખાતે. બાળાબેન મનહરભાઈ(નાનાભાઈ) છાંયાનું ૮૨ વર્ષ અમદાવાદ ખાતે.- પર્યંક યશસ્વીભાઈ મહેતા ૫૯ વર્ષ ભાવનગર ખાતે. - સૂર્યકાન્તભાઈ રામપ્રસાદ ઓઝાનું ભાવનગર ખાતે - પિયૂષભાઈ કાન્તીલાલ દેસાઈ ૭૪ વર્ષ વલ્લભ વિદ્યાનગર ખાતે. ભુજ ખાતે હરસુખરાય હ. હાથી -૯૩ વર્ષ, અશ્વિનકુમાર અંતાણી -૮૨ વર્ષ, સરયુબેન પાઠક -૮૨ વર્ષનું અવસાન. શ્રીમતી ભૈરવીબેન ભરતભાઈ વસાવડાનું મુંબઈ ખાતે અવસાન.

---

### દ્વિતીય પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ
### અ. સૌ. સ્વ. ભુવનેશ્વરી (વર્ષા ) જયંત હાથી

**તા. ૨૩-૬-૧૯૩૭** **તા. ૨-૧-૨૦૧૧**



પત્ની મનોરમાં દેહિ મનોવૃતાનુસારિણિમ્
તારીણીમ્ દુર્ગસંસાર સાગરરસ્ય કુલોદ્‌ભવામ્
મનની ઈચ્છાને અનુસરનારી, દુંર્ગમ સંસાર સાગરમાંથી તારનારી તથા
ઉતમ કૂળમાં જન્મેલી મનોહર પત્ની પ્રદાન કરો.(ચંડીપાઠ અર્ગલાસ્તોત્ર)
ચંડીપાઠના અર્ગલા સ્તોત્રમાં વર્ણવેલ ઉપરોકત ગુણોવાળી પત્ની મળે
એ સદ્‌ભાગ્ય જ ગણાય. આવું પ્રેરણાદાયી વ્યકિતત્વ ધરાવતી
જીવજસંગીની, જેમનું ધ્યેય એટલે....
પરિવાર એનું મંદીર, સ્નેહ એની શકિત
પરિશ્રમ એનું કર્તવ્ય, પરમાર્થ એની ભકિત
કુટુંબવત્સલતા એનો જીવનમંત્ર, જાજરમાન વ્યકિતત્વ એનું ગૌરવ
કુટુંબ વત્સલતાના ભેખધારી, સ્વાર્થને બદલે પરમાર્થ જેનો જીવનમંત્ર હતો-
એવી પ્રેરણામૂર્તિ જીવનસાથીને શત્ શત્ વંદન.

**જયંત હાથી (પાલનપુર) - મો.નં. ૦૯૯૩૦૮૧૨૯૦૨**

# અખિલ ભારતીય નાગર પરિષદનો હુંફાળો પ્રવાસ

હવામાં જરૂર નરમી હતી, ઉરે ઉમંગ કેરી ગરમી હતી,
મંદમંદ વાયરો વાતો હતો, હૈયે હરખ સમાતો ન હોતો.

આવા ઉન્માદી વાતાવરણ અને આનંદ સાથે તા. ૩૦-૧૨-૧૨ ના રોજ સવારે અખિલ ભારતીય નાગર પરિષદ રાજકોટ દ્વારા આયોજીત જ્ઞાતિજનોનો ગણેશપુરા તરફનો કુલ ૪૧ જ્ઞાતિજનો સાથે પ્રવાસ હરહર મહાદેવ જય હાટશેરદાદાના જયઘોષ સાથે પ્રારંભ થયો.

પ્રથમ તો લગભગ ૪ કલાકે પહોચ્યા.ગણેશપુરા ખાતે (કોઠા ગામ) તા. ધોળકા જી. અમદાવાદ બિરાજેલ ગણેશના મંદિરે....આ જૂનું પૂરાણું અતિ સિધ્ધ મનોકામના પૂરતી કરતું ગણેશજીનું મંદિર છે. વિ.સં. ૯૩૩ માં અષાઢ વદ ૪ ને રવિવારે ત્યાં નજીક આવેલ હોથલમાંથી શણગાર સજેલી એક મૂર્તિ ખોદકામ કરતાં મળી આવેલી. આ મૂર્તિને કયાં સ્થાપિત કરવી એ માટે વાદ વિવાદ પછી એક ગાડામાં તે મુકવામાં આવી અને પાછા ગાડું જયાં અટકે ત્યાં આ મૂર્તિનું સ્થાપન કરી પ્રાણ પ્રતિષ્ઠા કરી મંદિર બનાવવાનું નકકી થયું અને આમ મૂર્તિ ખુદ ગાડામાંથી ઉતરી ઉપરોકત આજના આ કોઠ ગામે, જેને મંદિર બનાવ્યા પછી ગણેશપુરા નામ આપવામાં આવ્યું. આ સંદર્ભ માં જણાવીએ કે ગણપતિ દાદાને જેમ લાડુ પ્રિય છે તે ઉપરાંત દુર્વા(ધરો), ખીજડો અને સફેદ આંકડો પણ વહાલો છે (તેથી સૌ શનિવારે આંકડાનો હાર તેમને પહેરાવે છે.)

ત્યાંથી ઉપડયા ધોળકા નજીક આવેલ નાનીબોરુ ગામ. જયાં આશરે ૧૫૦ વર્ષ પૂરાણું આપણા હાટકેશ્વર દાદાનું મંદિર સ્થિત છે. આ મંદિર પ્રશ્નોરા નાગર પ્રેરિત છે એ સમયે આ નાની બોરુમાં પચાસેક જેટલા પ્રશ્નોરા નાગર ગૃહસ્થોનાં ઘર હતાં. ત્યાં રહેતા શ્રી ભવાનીશંકર પાઠકને પગે ખોડ હતી, વાઈ આવતી હતી, તેનો વ્યવસાય તેના પિતાના શિક્ષણ દ્વારા વૈદુ અને કથા વાર્તા વાંચવાનો હતો પરંતુ કુટુંબની આર્થિક ધૂંસરીને વંઢારી ન શકતા એક દિવસ નિરાશ થઈ પોતે ખુદ પણ ભારરૂપ છે એમ સમજી પોતે નર્મદા નદીમાં ડૂબી જઈ આત્મહત્યા કરવાનું વિચારી કુટુંબને પણ જાણ કરી દીધી. સૌએ ખુબ સમજાવતા છતાં તે ન માનતાં સૌ તેને વાજતા ગાજતે આ કાર્યમાં સાથી બની ને નર્મદા નદી તરફ ગયા. પછી જયારે એ નર્મદાના જળમાં ડૂબવા ગયા ત્યાં તેને હાથે એક શિવલીંગ હાથમાં આવ્યું અને આત્મહત્યાનો વિચાર પ્રભુનો કોઈ દૈવી ઈશારો હશે તેમ માની છોડી દીધો અને સૌ નાનીબોરુ પરત આવ્યા અને શિવલીંગનું સ્થાપન કરી એક મંદિર બનાવ્યું જેને હાટકેશ્વર મંદિર તરીકે ઘોષિત કર્યું.

આ પછી અરણેજ ખાતે બુટ ભવાની માતાજીને મંદિર સૌ દર્શને ઉપડયાં. આ મૂળ તો વાઘ ઉપર બિરાજતી માતા છે જે ખુદ ચારણ કન્યા હતાં. ત્યાં સૌએ માતાજીના ગરબાની રમઝટ બોલાવી.

ત્યાંથી પહોંચ્યા લીંબડી પાસેના (વડોદરા પાસેના કાયાવરોહરણ ખાતેના) રાજેશ મુનિના આશ્રમે આ આધુનિકતા મિશ્રિત આધ્યાત્મિક આશ્રમ છે. આ આશ્રમમાં "ઈશ્વર એકેશ્વર વાદ" એટલે ઈશ્વર એક જ છે અને ઈશ્વર "ઈસાવાસ્યા" છે તે તેમજ ગીતા પૂરાણ વેદના તત્વજ્ઞાનની ધૂણી અહીં જગાવવમાં આવી છે.

લગભગ ૯:૩૦ વાગ્યે રાજકોટ ખાતે પરત થયા... પ્રવાસ દરમિયાન સવારે નાસ્તો ચા બપોરે જમવાનું સાંજે ચા અને રાત્રે જમવાની સુવિધા પણ હતી.

**– જસ્મીન દેસાઈ, રાજકોટ**